ગાંધીનગર સમાચાર
તા. ૩૦-૭-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

નાની ધારીની મોટી ઘટના એ ગુજરાતની અસ્મિતા ઉપરનો બળાત્કાર છે

વરુ ફક્ત દિલ્હીની સડકો પર જ ફરતાં હોય છે એવું નથી. એ ક્યાંક આપણી આસપાસ પણ રખડતાં હોય એમ બને. ગુજરાત પ્રમાણમાં 'સલામત' સ્ટેટ ગણાતું રહ્યું છે પરંતુ જઘન્ય બળાત્કાર અને હત્યાના કિસ્સા અહીં પણ નોંધાતા રહ્યા છે. બહુ ગાજેલા 'ચાંદની' પ્રકરણ કે એ પછી અમદાવાદના અમરાઈવાડી કે ઘાટલોડિયામાં બનેલી ક્રૂર ઘટનાઓ પર ચાર ચાસણી ચડે એવી પાશવી ઘટના અમરેલી જિલ્લાના અંતરિયાળ નાની ધારી ગામ ખાતે બની છે, જેના પડઘા આખા સૌરાષ્ટ્રમાં પડ્યા છે. બ્રાહ્મણ યુવતી સાથે મધરાતે એના ઘરમાં ઘૂસી જઈ દુષ્કર્મ કરાયું અને એની ક્રૂર રીતે ઝેરી દવા પિવડાવીને તેમજ ગળે ટૂંપો દઈ હત્યા કરી દેવાઈ, તે ઘટના કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિનું કાળજું કંપાવી દે તેવી છે. એથી એકલા બ્રહ્મસમાજમાં જ રોષ ફેલાયો હોય એમ માની લેવાની જરૂર નથી. રસ્તે જનારને પણ આવા કુકર્મીને પથ્થર મારીને મારી નાખવાનું જ મન થાય. પરંતુ આપણી કમનસીબી છે કે આપણો સમાજ સંપ્રદાય અને જ્ઞાતિનાં વર્તુળોમાં કેદ થઈ ગયો છે. એમ ન હોત તો કાઠી દરબારો તલવારો લઈને વિરોધ કરી રહેલા ભૂદેવો પર તૂટી પડ્યા હોત. નિર્દોષ યુવતીની સ્મશાનયાત્રામાં ભાગ લેવા આવેલ એક પ્રૌઢને પણ પ્રાણ ગુમાવવા પડ્યા છે અને કાઠી યુવાન પણ જીવનમરણ વચ્ચે ઝોલાં ખાઈ રહ્યો છે. આવા કિસ્સાને જ્ઞાતિ કે સંપ્રદાયના ત્રાજવે ન જ તોલવો જોઈએ. પરંતુ આપણી જીવન પદ્ધતિ સાથે એકવીસમી સદીમાં પણ આવી સંકુચિતતા એવી તો જડબેસલાક રીતે વણાઈ ગઈ છે કે એ આગામી પચાસ વર્ષ દરમિયાન પણ દૂર થશે કે કેમ તે સવાલ છે. અમરેલીમાં બન્યું એવું મહેસાણા- પાટણ કે બનાસકાંઠા- સાબરકાંઠામાં પણ બની શકે છે. જ્ઞાતિવાદનો એરું આખી હિંદુ વસતિને આભડેલો છે. એથી આગળ સાંપ્રદાયિકતાની ઊઇઇ આખા દેશમાં ફેલાયેલી છે. આ મહાભયંકર વિષનો ઉપાય પણ શોધવો જ રહ્યો. નાની ધારી જેવી અજાણ્યા ગામની કોઈ બ્રાહ્મણ યુવતી પર થયેલો અત્યાચાર એ ફક્ત એક જ્ઞાતિ કે વર્ગ વિશેષ પરનો અત્યાચાર ન ગણાવો ઘટે. એ આખેઆખી સ્ત્રી જાતિ પરનો ઘૃણાસ્પદ અને અક્ષમ્ય અપરાધ ગણાવો જોઈએ. વળી, કોઈએક જ્ઞાતિ કે સમુદાયના બદમાશ માણસોએ એ ગુનો આચર્યો એથી આખી જ્ઞાતિ ન વગોવાવી જોઈએ. કાઠી દરબાર તરીકે ઓળખાતી ઝુઝારું કોમમાં ભૂતકાળમાં એવા અનેક વીર પુરુષો પાક્યા છે જેમણે ફક્ત રાડ સાંભળીને દુખિયારી સ્ત્રીની વહારે ચડવા જતાં પ્રાણનું બલિદાન આપેલું છે. આવી શૌર્યવંતી કોમમાં કોઈ કલંક પાક્યું હોય તો એથી આખી કોમ સામે વેર કરવાની જરૂર નથી. કાઠી દરબાર સૂર્ય પૂજક કોમ છે. એને આવી હલકી અને કાયરતાપૂર્ણ બાબતમાં સંડોવાવું ન જ ગમે. જે યુવતી પર બળાત્કાર થયો હતો અને પછી એનું ઠંડે કલેજે ખૂન કરી દેવાયું હતું, એ ફક્ત કોઈ એક રાજગોર બ્રાહ્મણ પરિવારની જ વહુ-દીકરી નહોતી. એ ગુજરાતની અને ભારતમાતાની દીકરી હતી. એના ઉપર થયેલો અત્યાચાર એ ગુજરાતની અસ્મિતા પર થયેલો બળાત્કાર ગણાવો જોઈએ. આવા કિસ્સાઓનું પુનરાવર્તન ન થાય એ માટે સરકાર અને સમાજ- બેઉએ જાગવું પડશે. બળાત્કાર એ વિકૃત માનસિકતાનું લક્ષણ છે. સ્ત્રીને ફક્ત ઉપભોગનું સાધન ગણવાની આ માનસિકતામાંથી સમસ્ત પુરુષજાતને બહાર આણવાની જરૂર છે. બળાત્કારીને કડકમાં કડક સજા વહેલામાં વહેલી તકે થવી જોઈએ. શરિયત જેવા કડક કાનૂનની જો ક્યાંય ખરી જરૂર હોય તો તે આવા કિસ્સામાં હોવી જોઈએ. આવા કિસ્સા બનતાંની સાથે બિલાડીના ટોપની જેમ રાજકીય પક્ષોના નેતાઓ નાની ધારીના પાદરમાં ઊમટી પડશે અને મગરનાં આંસુ વહાવી પોતપોતાની ખીચડી પકાવવા લાગશે. બ્રાહ્મણ અને કાઠી- બેઉ સમાજના અગ્રણીઓએ એમને લીલા તોરણે પાછા વાળી કાયદાને કાયદાનું કામ કરવા દેવું જોઈએ.

જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં એન.એસ.એસ. ઈકોકલબ, વ્યાયામ મંડળ, પ્રવાસ મંડળ દ્વારા વૃક્ષારોપણ યોજવામાં આવ્યું હતું. આચાર્ય તથા શિક્ષકગણે ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. આચાર્યા સંતોકબેન ચૌધરીએ અભિનંદન પાઠવ્યા હતા.

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજમાં પ્રશિક્ષણ શિબિર

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજમાં એન.એસ.એસ. દ્વારા પ્રશિક્ષણનું આયોજન કરવામાં આવ્યું હતું. અધ્યક્ષ સ્થાને ટ્રસ્ટી રાજેન્દ્રભાઈ પટેલ, અતિથિ વિશેષ ડૉ. નટુભાઈ વર્મા, યુનિ.ના કૉ.ઓડીનેટર હતા. એન.એસ.એસ. અંગેની જાણકારી મળે તેણે કરેલા કાર્યોની યોગ્ય નોંધ કરી શકે તે માટે ડાયરી બનાવી છે. મહેમાનોએ ડાયરીનું વિમોચન કરેલ હતું. આચાર્ય ડૉ. યોજેશભાઈ રાજગોરે વિદ્યાર્થીઓને એન.એસ.એસ. પ્રત્યે અભિમુખ રહેવા જણાવ્યું હતું. પ્રા. શોભના ચૌહાણે મહેમાનોનો પરિચય આપ્યો હતો. ડૉ. પિયુષ સોલંકીએ આભાર વિધી કરી હતી. કાર્યક્રમનું સંચાલન રોશની ઝાએ કરેલ હતું.

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજમાં ગુરૂ પૂર્ણિમાની ઉજવણી

એમ.બી. પટેલ રાષ્ટ્રભાષા કોલેજમાં ગુરૂ પૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી હતી. ગુરૂવંદનાના શ્લોકોનું ગાન થયું હતું. વિદ્યાર્થીઓએ કંકુ-ચોખાનુંતિલક કરી ગુરૂની પુજા કરી હતી. આશીર્વાદ ઈચ્છયા હતા. આચાર્ય ડૉ. યોગેશભાઈ રાજગર, પ્રા. અશોકભાઈ પટેલે જીવનમાં ગુરૂનું મહત્વ સમજાવ્યું હતું. વિદ્યાર્થીઓએ જીવનમાં ગુરૂના મહત્વ અંગેની વાતો કરી હતી. સંચાલન પ્રા. લત્તાબેન પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

જિલ્લા ફેર બદલીથી ગાંધીનગર જિલ્લામાં આવવા માંગતા શિક્ષકોની સિનીયોરીટી યાદી

જિલ્લા -ાથમિક શિક્ષણાધિકારી, ગાંધીનગરની યાદીમાં જણાવ્યા મુજબ ગાંધીનગર જિલ્લામાં જિલ્લા ફેરબદલીથી આવવા માટે (ધોરણ-૬ થી ૮ ઉચ્ચ -ાથમિક શિક્ષણ) વિષય શિક્ષકોએ અરજી કરી હોય તેમની યાદી ગાંધીનગર જિલ્લા પંચાયતની વેબસાઈટ www.gandhinagardp.gujarat.gov.in પર મુકવામાં આવી છે. જેને વાંધો હોય તેમણે જિલ્લા શિક્ષણાધિકારીના -માણપત્ર સાથે અરજી જિલ્લા -ાથમિક શિક્ષણ અધિકારી, ગાંધીનગર જિલ્લા પંચાયતને મોકલી આપવા.

રમૂજની રંગત કાર્યક્રમ યોજાયો

સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા તા. ૨૮ જુલાઈને રવિવારે હાસ્યની છોળો સાથે મોજ કરાવતો કાર્યક્રમ 'રમજૂની રંગત' યોજાઈ ગયો. વરસાદ ચાલુ હોવા છતાં પ્રેક્ષકોથી ભરપૂર ટાઉનહોલમાં હાસ્યનાં બેતાજ બાદશાહ અને ગઢડા (સ્વામીના) રહેવાસી મનસુખભાઈ વસૌયા અને ગોંડલના સુખદેવભાઈ ધામલીયાએ જીવનનાં પ્રસંગોને કાઠીયાવાડી શૈલીમાં હાસ્ય સભર રીતે રજૂ કરી સૌને પેટ પકડીને હસાવ્યા હતા. આ હાસ્યસભર કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર-કચ્છ-સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગરનાં સભ્યો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

(તસવીર : કશ્યપ નિમાવત)

૩.૪૦ લાખ વિદ્યાર્થીઓ સામે માત્ર ૧ લાખ પુસ્તકનું વિતરણ

અમદાવાદ, તા.૨૯

રાજ્યમાં માધ્યમિક શાળાઓનું શૈક્ષણિક સત્ર શરૂ થયે દોઢ મહિના જેટલો સમય થઈ ચૂક્યો છે. તેમ છતાં ધોરણ-૯ ના સંસ્કૃતના પાઠ્યપુસ્તકો પુરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. રાજ્યના માધ્યમિક શાળાઓમાં ધોરણ-૯નાં ૩.૪૦ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેની સામે બજારમાં અત્યાર સુધી અંદાજે એક લાખ જેટલા જ પાઠ્યપુસ્તકો ઉપલબ્ધ થયા છે. જેના કારણે રાજ્યનાં ૨.૪૦ લાખ વિદ્યાર્થીઓને સંસ્કૃતના પાઠ્યપુસ્તક વગર જ ધોરણ-૯નો અભ્યાસ કરવાનો વારો આવ્યો છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ચાલુ વર્ષે ૧૫ જૂનથી રાજ્યની માધ્યમિક શાળાઓમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો હતો. જો કે ચાલુ વર્ષે પાઠ્યપુસ્તક મંડળ દ્વારા તમામ ધોરણના પુસ્તકો નિયત સમય કરતા મોડા બહાર પડ્યા છે જેમાં ખાસ કરીને ધોરણ-૯નું સંસ્કૃતના પાઠ્યપુસ્તકો તો હજી સુધી પુરતા પ્રમાણમાં બજારમાં ન આવ્યા હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. અત્યારે પરિસ્થિત એવી સર્જાઈ છે કે રાજ્યની મોટાભાગની માધ્યમિક શાળાઓમાં માત્ર ૧૦ ટકા વિદ્યાર્થીઓ પાસે જ ધોરણ-૯ સંસ્કૃતનું પાઠ્યપુસ્તક છે. જ્યારે બાકીના ૯૦ ટકા વિદ્યાર્થીઓ પાઠ્યપુસ્તક વગર જ પોતાનો અભ્યાસ ચલાવી રહ્યા છે.

આ અંગે ગુજરાત બુલ સેલર્સ એન્ડ સ્ટેશનર્સ એસોસિએશનના પ્રમુખ નરેશ શાહે જણાવ્યું હતું કે ધોરણ-૯માં રાજ્યમાં ૩.૪૦ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે જેમને અભ્યાસક્રમમાં સંસ્કૃત વિષય ફરજીયાત છે. જો કે શાળાઓ ખુલ્યો દોઢ મહિનો થયો હોવા છતાં હજુ સુધી બજારમાં માત્ર એક લાખ જેટલા જ સંસ્કૃતના પુસ્તકો પહોંચ્યા છે. જ્યારે અમદાવાદ શાળા સંચાલક મંડળના સત્તાવાર સુત્રો તરફથી પ્રાપ્ત થતી માહિતી મુજબ અક્યારે શાળાઓમાં માત્ર ૧૦ ટકા જ વિદ્યાર્થીઓ પાસે સંસ્કૃતના પુસ્તકો છે. જ્યારે બીજી બાજુ ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના કાર્યવાહક પ્રમુખ નિતીન પેથાણી મંડળ તરફથી તમામ પુસ્તકો ડિસ્ટ્રીબ્યુટરોને મોકલી અપાયા હોવાનું જુનુ નિવેદન વારંવાર રજુ કરી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે ચાલુ વર્ષે સંસ્કૃતનો અભ્યાસક્રમ બદલાયો છે તેથી નવા પાઠ્યપુસ્તકો છાપવામાં આવ્યા છે. પાઠ્યપુસ્તક મંડળના મતે નવા છપાયેલા તમામ પુસ્તકો પુરતા પ્રમાણમાં બજારમાં વિતરણ થઈ ચુક્યા છે. તો બીજી બાજુ હજુ સુધી વિદ્યાર્થીઓને પુસ્તકો મળ્યા નથી. તો આ પુસ્તકો ક્યાં ગયા તે એક ગંભીર પ્રશ્ન ઉપસ્થિત થવા પામ્યો છે. જો કે જ્યાં સુધી વિદ્યાર્થીઓને પુસ્તકો ન મળે ત્યાં સુધી સંસ્કૃત જેવા પાઠ્યપુસ્તક વગર અભ્યાસ ન કરી શકાય તેવા વિષયનો પણ વિદ્યાર્થીઓ વગર પુસ્તકે જ અભ્યાસ કરવો પડશે.

યુનિ.ના વહીવટી ઉપર અંકુશ લાવવા શિક્ષણ વિભાગ સક્રિય

અમદાવાદ, તા.૨૯

ગુજરાત યુનિવર્સિટીમાં નાણાનો દુરઉપયોગ અને બેફામ ખર્ચાઓ ઉપર અંકુશ મુકવા માટે રાજ્ય સરકાર કમર કસી લીધી છે. જેના ભાગરૂપે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા એક સપ્તાહની અંદર ગુજરાત યુનિવરસ્ટીના ચીફ એકાઉન્ટર ઓફીસરની નિમણુંક કરવામાં આવશે. આ ઉપરાંત શિક્ષણ વિભાગ દ્વારા નજીકના સમયમાં પરીક્ષા નિયામક અને કાયમી રજીસ્ટ્રારની પણ નિમણુંક કરવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીમાં કાયમી રજીસ્ટ્રાર, પરીક્ષા નિયામક અને ચીફ એકાઉન્ટર ઓફિસર સહિતના અધિકારીઓની જગ્યાઓ ખાલી પડી છે. અત્યારે યુનિવર્સિટીમાં ચીફ એકાઉન્ટર ઓફિસરના અભાવે યુનિવર્સિટીનાં તંત્ર દ્વારા બેફામ ખર્ચાઓ અને નાણાંના વ્યાયની અનેક ફરીયાદો ઉઠવા પામી છે. જેથી યુનિવર્સિટીના ખર્ચા ઉપર અંકુશ રાખી શકે અને હિસાબ-કિતાબ ઉપર રાજ્ય સરકારની સીધી દેખરેખ કરી શકે તે માટે આ સપ્તાહમાં જ શિક્ષણ વિભાગ દ્વારા યુનિવર્સિટીમાં ચીફ એકાઉન્ટર ઓફિસરની નિમણુંક કરવામાં આવશે. આ ઉપરાંત યુનિવર્સિટીમાં અત્યારે કુલપતિ આદેશપાલે અનુભવ ન હોવા છતાં રાજેશ પટેલની કાર્યકારી રજીસ્ટ્રાર તરીકે નિમણુંક કરી છે જેમના વિરૂદ્ધ શિક્ષણ વિભાગને અનેક રજુઆતો મળી છે. જેને ધ્યાનમાં રાખી ટુંક સમયમાં શિક્ષણ વિભાગ દ્વારા ટુંક સમયમાં યુનિવર્સિટીના કાયમી રજીસ્ટ્રારની નિમણુંક કરવામાં આવનારી છે. આ ઉપરાંત યુનિવર્સિટીમાં પરીક્ષા નિયામકની ખાલી પડેલ બેઠક પણ ભરવામાં આવે તેવી શક્યતા છે.



(૧) સર, આપના જીવનમાં ટીવી અને મોબાઈલ આવવાથી શું પરિવર્તન આવ્યું?
(૨) શાંતિ લાગે છે.
મારી બે છોકરી અને વાઈફ ભાગી ગયા...

બ્રહ્મસમાજના તેજસ્વી તારલાઓની માર્કશીટ મંગાવાઈ

ગાંધીનગર, તા. ૨૯

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ સેક્ટર-૨ ૩ ગાંધીનગર દ્વારા બ્રહ્મસમાજ સેક્ટર-૨ ઉના તેજસ્વી તારલાઓને પ્રોત્સાહન પુરૂ પાડવા ઈનામ વિતરણનો કાર્યક્રમ તા. ૧૮ ઓગષ્ટ-૨૦૧૩ ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન આંબેડકર હોલ, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે રાખવાનું આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્મસમાજ સેક્ટર-૨ ઉના પરિવારોના વિદ્યાર્થીઓની માર્કશીટની નકલ સમાજના કારોબારી સભ્યોને તા. ૬-૮-૨૦૧૩ સુધીમાં પહોંચાડવાની રહેશે. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે પ્રમુખ મુકેશ શુકલ, કન્વીનર ચિરાગ ત્રિવેદી, ચિંતન ભટ્ટ, મંત્રી મયંક ભટ્ટની પાસે નામ નોંધાવી શકશે. તેમ પ્રમુખ મુકેશ શુકલએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

રાષ્ટ્રકક્ષા કીક બોકસીંગ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ વિજેતા

નાસિક મહારાષ્ટ્ર ખાતે તાજેતરમાં યોજાયેલ પમી સબ જુનિયર કીક બોકસીંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શ્રી વિશ્વ કૌશિકભાઈ જાનીએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરીને જિલ્લાનું તથા રાજયનું ગૌરવ વધાર્યું હતું. તેઓને કરાટે બ્લેક બેલ્ટ જીતેન્દ્ર પરમારે કોચીંગ આપ્યું હતું.

બી.એડ. કોલેજમાં કાવ્યપઠન અને કાવ્ય રચના શિબિર યોજાઈ

કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેક્ટર-૨ ૩ અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ કડીના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને કાવ્યપઠન અને કાવ્ય રચનામાં વધુ રસરૂચિ જાગૃત થાય તે હેતુથી તા. ૨૭-૭-૧ ઉના રોજ કાવ્યપઠન અને કાવ્ય રચના શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

સદર કાર્યક્રમના આરંભે ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલે સાહિત્યકાર મોહનલાલ પટેલનો પરિચય આપીને સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં વધુમાં વધુ સાહિત્યિક રૂચિ કેળવાય તે માટે સંસ્થા હંમેશને માટે તત્પર રહેશે એમ જણાવ્યું હતું. પ્રા. શ્રી નરેન્દ્રભાઈ નાયીએ સાહિત્યકાર શ્રી મોહનલાલ પટેલના સાહિત્યિક પ્રદાનની ઝીણવટપૂર્વકની માહિતી આપી હતી, ત્યારબાદ ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ હર્ષદભાઈ ત્રિવેદીએ કવિતા એટલે શું? કવિતામાં ગીત, ગઝલ, ઊર્મિકાવ્ય, અલંકાર, છંદ, પ્રાસાનુપ્રાસ વગેરેની ઊંડી માહિતી આપી ઉત્તમ કવિઓની કવિતાઓનું પઠન કર્યું હતું અને વિદ્યાર્થીઓને કાવ્ય પઠન અને કાવ્યરચનાની ઊંડી માહિતી પુરી પાડી હતી. ઉપસ્થિત શિબિરાર્થીઓએ પોતાની સ્વરચિત કાવ્યરચના કરી તેનું પઠન કર્યું હતું.

પ્રસ્તુત કાર્યક્રમમાં જાણીતા કવિ શ્રી હર્ષદભાઈ ત્રિવેદી, કેમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, પ્રો. વીણાબેન પટેલ, ડૉ. આર.જે. વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યકર્તા અંતે પ્રા. શ્રી ભરતભાઈ પટેલે ઉપસ્થિત સર્વેનો આભાર માન્ય હતો. આમ સમગ્ર કાર્યક્રમ રસપ્રદ રહ્યો હતો.

ખાસ કરીને છ વરસથી દશ વરસ સુધીનાં બાળકોને પુસ્તકો પ્રત્યે વિશેષ આકર્ષણ હોય છે, પરંતુ જેમ જેમ ઉંમર વધતી જાય છે, તેમ તેમ પુસ્તકો પ્રત્યેનો પ્રેમ વધવાને બદલે ઘટતો જાય છે

કોણ જાણે, આજકાલ બાળકોને શું થયું છે કે એમને વાચનનો તો બિલકુલ શોખ જ રહ્યો નથી. શાળાનું લેસન પૂરું કર્યું કે બેસી ગયાં. ટી.વી. સામે કે પછી નીકળી ગયાં રમવા માટે બહાર.

અમે લોકો લાઈબ્રેરીમાંથી પુસ્તકો શોધીશોધીને વાંચવા માટે લાવતા હતા અને અમારા સુપુત્રો, એમને ગમે તેટલાં પુસ્તકો ખરીદીને આપો, પરંતુ એવું બને છે કે ક્યારેય એ કોઈ પુસ્તક ખોલીને ભાગ્યે જ જુએ.

આવી વાતો તો દરેક ઘરમાં લગભગ રોજ થતી હોય છે. સામાન્ય રીતે આજકાલ બધાંને બાળકો માટે આવી જ ફરિયાદ હોય છે કે એમને પુસ્તકો વાંચવામાં રસ નથી. પુસ્તક-મેળાઓ ભરાતા રહે છે. પુસ્તકોનું વેચાણ પણ ખૂબ જ થાય છે, પરંતુ એમાંથી મોટા ભાગનાં પુસ્તકો લાઈબ્રેરીમાં કે ઘરના શો-કેસમાં જ શોભાનાં ગાંઠિયા બનતા હોય છે.

પુસ્તકો ખરીદવામાં સૌથી વધુ ઉત્સાહ બાળકોમાં જ હોય છે. લાઈબ્રેરીઓમાં પણ બાળકોની ઉંમરનો ખ્યાલ રાખીને જ પુસ્તકોની ખરીદી કરવામાં આવે છે. એવું નથી કે પુસ્તકો બાળકોને આકર્ષતાં નથી હોતાં. બાળકોને પુસ્તકો પ્રત્યે પ્રેમ પણ હોય છે. ખાસ કરીને છ વરસની દશ વરસ સુધીનાં બાળકોને પુસ્તકો પ્રત્યે વિશેષ આકર્ષણ હોય છે. પરંતુ જેમ જેમ ઉંમર વધતી જાય છે, તેમ તેમ પુસ્તકો પ્રત્યેનો પ્રેમ વધવાને બદલે ઘટતો જાય છે.

માતા-પિતા તો એમનાં બાળકોને પુસ્તકિયા કીડા બનાવવા માગતા હોય છે. તેઓ આ વાતથી ગૌરવ અનુભવે છે કે એમના ઘરમાં પુસ્તકોની કમી નથી. બાળકો પણ ખૂબ જ ગૌરવથી એમના શિક્ષક અને મિત્રોને કહેતા હોય છે કે એમના ઘરમાં ઘણાં પુસ્તકો છે. એમની પાસે 'એનસાઈક્લોપીડિયા' પણ છે, પરંતુ જો એમને પૂછવામાં આવે કે તેઓ એના વિશે કેટલું જાણે છે, એનો ક્યારે ઉપયોગ કરે છે, તો એમની બોલતી બંધ થઈ જશે.

ટી.વી.નો મોહ કેમ?: પુસ્તકો જેવો સારો મિત્ર કોઈ ન હોઈ શકે. એને ગમે ત્યાં વાંચી શકો છો. સાથે પણ લઈ જઈ શકો છો. તે જ્ઞાનનો ભંડાર તો છે જ. પરંતુ મનોરંજનનું પણ માધ્યમ છે. તે સમય પસાર કરવાનું ઉત્તમ સાધન છે. આ વાતને આજકાલનાં બાળકો સારી રીતે સમજે છે. એટલે પુસ્તકો ખરીદવામાં સૌથી આગળ હોય છે. પરંતુ તેઓ સમય પસાર કરવા માટે પુસ્તક વાંચવાને બદલે ટી.વી. જોવાનું પસંદ કરે છે. આ કારણે માતા-પિતા ચિંતાતુર રહે છે. જરૂરત તો આજે એ વાતની છે કે ટી.વી.ની ટીકા કરતાં પહેલાં એ વિચારવું જોઈએ કે ટી.વી. પુસ્તકો કરતાં વધુ લોકપ્રિય કેમ છે?

ટી.વી.ની લોકપ્રિયતાનું સૌથી મોટું કારણ એ છે કે એમાં બાળકો સામાન્ય રીતે પોતાની બૌદ્ધિક કક્ષાનો પ્રોગ્રામ શોધી લે છે. જ્યારે હકીકતમાં એવું માનવામાં આવે છેકે તે અભણનો સાથી છે. જેમને વાંચતાં નથી આવડતું, તેઓ બોલે છે અને સાંભળે છે. ટી.વી. પણ બોલતો સાથી છે. ટી.વી. હિન્દી કે પોતાની માતૃભાષાના કાર્યક્રમ જોઈ શકાય છે. ફિલ્મી ગીતો અને સિરિયલોનો આનંદ માણી શકાય છે. જ્યારે પુસ્તકો ખરીદતાં પહેલાં તો ભાષા પર ધ્યાન આપવામાં આવે છે. પછી લેખનની કક્ષા જોવામાં આવે છે. પુખ્ત વયના વાચકો સામાન્ય રીતે આદર્શ કથાઓ કે પછી સામાન્ય જ્ઞાનનાં પુસ્તકો ખરીદે છે. જ્યારે બાળકો મનોરંજન માટેનાં સામયિકો, કોમિક્સ, પરીકથાઓ, જાદુઈ પ્રસંગો અને વાર્તાઓ વાંચવાનું પસંદ કરે છે. અંગ્રેજીનાં પુસ્તકોમાં પણ વાર્તાઓની કક્ષા જરૂર ઉંમરના પ્રમાણમાં હોય છે, પરંતુ એમાં પાત્રોનાં નામ પરદેશી હોય છે. લેખક પણ પરદેશી હોય છે. ભાષામાં પણ વિદેશીકરણ આવે છે. એટલે એમાં બાળકોને બહુ મજા આવતી નથી.

તમારી વિચારસરણી બદલો: જો તમે ઈચ્છતા હો કે તમારું બાળક વાંચવામાં રસ લે, તો સૌથી વધુ જરૂરી એ છે કે, પુસ્તકોની પસંદગી ખૂબ જ સમજદારીપૂર્વક થાય. જે પુસ્તકો ખરીદવામાં આવે, એ બાળકોની કક્ષાનાં

વીસરાતી વાચનની વિરાસત - પોઝિટિવ થિન્કિંગ

- યશવંત કડીકર

હોવાં જોઈએ. ભાષા એવી ઊંચી ના હોવી જોઈએ. જે બાળકોને ન સમજાય તે એવી નીચી કક્ષાની ના હોવી જોઈએ કે એમને ના ગમે.

બાળકોને ગુજરાતીમાં વાંચવાનું ગમતું હોય તો એમાં કોઈ નુકસાન નથી. ગુજરાતીમાં પણ ઘણું બાળસાહિત્ય ઉપલબ્ધ છે. પોતાને એ બાળકોને સ્થાને રાખીને વિચારો કે તમે છાપું ગુજરાતીમાં વાંચવાનું પસંદ કરશો કે અંગ્રેજીમાં? જો બાળકને રૂચિ વાચનમાં વિકસિત કરવી હોય તો એને એની પસંદગીની ભાષા પસંદ કરવા દો. અંગ્રેજી ભાષા જબરજસ્તીથી એમના પર ના લાદશો. એ અન્યાય છે કે બાળક તમારી પસંદગીના પુસ્તકો વાંચે. તમે તમારી પસંદગીનાં પુસ્તકો ખરીદો અને બાળકો એ જ વાંચે એવો આગ્રહ રાખવો એ વધારે પડતું છે.

અંગ્રેજીમાં ભલે સાહિત્ય ખરીદો, પણ સમજી-વિચારીને ખરીદજો. ભારેખમ પુસ્તકોને બદલે હળવાફૂલ- અરેબિયન નાઈટ્સ, મેજિક સ્ટોરીઝ, પંચતંત્રની વાતો કે પછી પશુ-પક્ષીની કથાઓ જેવાં પુસ્તકોથી શરૂઆત કરો. જ્યારે બાળક એ કોઈ પણ જાતની મુશ્કેલી વગર વાંચવા લાગે, નાની વાર્તાઓ સમજવા લાગે, એ પછી નવલકથાની કક્ષાનાં પુસ્તકો એમને આપો. સાથે રહસ્ય-રોમાંચવાળાં પુસ્તકો પણ એમને આપો. જ્ઞાન વધારનારાં પુસ્તકો જેવાં કે, એન્સાઈક્લોપીડિયાનો એક સેટ પણ ખરીદવો જોઈએ, જેથી વાંચતી વખતે બાળક એનો ઉપયોગ કરી શકે.

એ સ્પષ્ટ વાત છે કે, જો બાળકમાં વાંચવાનો શોખ વિકસાવવો હોય તો એનાં રોદણાં રડ્યા કરવા કરતાં તો સખત પગલાં ભરવાં જોઈએ. ગુજરાતી વાંચવું એ ખોટું નથી. જો બાળક ગુજરાતી વાંચવા ઈચ્છતું હોય તો એને રોકશો નહીં. જરૂર તો એ છે કે આનામાં વાંચવાનો રસ જાગે. જો એકવાર રસ પડશે તો અંગ્રેજી પુસ્તકો પણ વાંચવા લાગશે. પરંતુ એ ત્યારે બનશે જ્યારે એને અંગ્રેજીમાં વાંચતો રોકવામાં નહિ આવે. અંગ્રેજી વાંચવા માટે પણ એનો ઉત્સાહ જરૂરી વધારો. એનામાં જુસ્સો પેદા કરો, પણ અંગ્રેજીનું ભારણ લાદશો નહીં.

જરૂરત છે એમનાં માતા-પિતાની માનસિકતા બદવાની, કારણ કે એની સીધી અસર બાળકોના વ્યક્તિત્વના વિકાસ પર પડે છે.